વ્યવસાય વેરા અંગે કરદાતા કોડ નંબર નક્કી કરી
નગરપાલિકા/મહાનગરપાલિકાઓને ફાળવવા બાબત

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
પરીપત્ર ક્રમાંક વવક/૧૧૨૦૦૭/૯૯૪/આર
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- 17 FEB 2007

પરિપત્ર:

વ્યવસાયવેરા ઉઘરાવવાની સત્તા તા.૧/૧૦/૨૦૦૬ થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સોંપવામાં આવેલ છે અને નગરપાલિકાઓ દ્વારા વ્યવસાયવેરા અંગેની કાર્યવાહી ચાલુ કરી લેવામાં આવેલ છે જે અંગેનો ટ્રેઝરી કોડ નાણા વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓના વહીવટમાં સરળતા ખાતર નીચે દર્શાવ્યા મુજબ કરદાતા કોડ નંબરનું વર્ગીકરણ કરવામાં આવે છે.

(૧) નગરપાલિકાઓ માટે પ્રથમ ચાર ખાના પૈકી એક ખાનામાં N શબ્દ બાકીના ત્રણ ખાનામાં નગરપાલિકાઓને ફાળવેલ કોડ નંબર ૦૦૧ થી ૧૬૧ સુધી ફાળવવામાં આવે છે.

દા.ત. PI: | N | | | | | | | | | |

(૨) મહાનગરપાલિકાઓ માટે પ્રથમ ત્રણ ખાના પૈકી પ્રથમ ખાનામાં શબ્દ અને તે પછીના બે અંક ૦૧ થી ૦૭ મહાનગરપાલિકાઓના કોડ નંબર ફાળવવામાં આવે છે. જેમાં,

| | |
|---|---|
| અમદાવાદ મહાનગરપાલિકાને | ૦૧ |
| વડોદરા મહાનગરપાલિકાને | ૦૨ |
| સુરત મહાનગરપાલિકાને | ૦૩ |
| રાજકોટ મહાનગરપાલિકાને | ૦૪ |
| ભાવનગર મહાનગરપાલિકાને | ૦૫ |
| જામનગર મહાનગરપાલિકાને | ૦૬ |
| જુનાગઢ મહાનગરપાલિકાને | ૦૭ |

દા.ત. | C | | | | | | | | | | |

ઉપર્યુકત કરદાતા કોડ નંબર શહેરી સ્થાનિક સંસ્થાઓને ફાળવવામાં આવે છે અને તે મુજબ કાર્યવાહી કરવા સર્વ નગરપાલિકા અને મહાનગરપાલિકાઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.ડી.ચૌધરી)
સેકશન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

નકલ રવાના:

: સર્વ અધિકારીશ્રી, શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

: નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

કમિશનરશ્રી,  સર્વ મહાનગરપાલિકા.
સર્વે જીલ્લા કલેકટરશ્રી
ઉપસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર.
પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય કલેકટર કચેરી  કંપાઉન્ડ, રાજકોટ.
સેકશન અધિકારીશ્રી (પી શાખા) શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
ચીફ ઓફિસરશ્રી, સર્વે નગરપાલિકા.
પસંદગી ફાઇલ.
નાયબ સેકશન અધિકારીશ્રી પસંદગી ફાઇલ.